# ગાંધીનગર 'વેલેન્ટાઈન ડે'ના રંગે રંગાશે

ગાંધીનગર, તા.૧૩ સમગ્ર વિશ્વમાં ૧૪ મી ફેબ્રુઆરીના રોજ વેલેન્ટાઈન ડે ની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવે છે. વેલેન્ટાઈન ડે માં નવયુવાનો પોતાને ગમતા પ્રિયજનને રેડ રોઝ આપી પ્રેમની અભિવ્યકિત કરે છે. વર્ષ દરમિયાન પ્રેમની અભિવ્યકિત કરવાનો આ સુનેહરો દિવસ છે. આજની યુવા પેઢી વેલેન્ટાઈન ડે ની વર્ષ દરિમાયન આતુરતા પૂર્વક રાહ જોતી હોય છે અને ૧૪ મી ફેબ્રુઆરીએ આ ડે ની ધામધુમથી ઉજવણી કરે છે. ગાંધીનગર શહેરમાં પણ યુવાવર્ગ ગુલાબનું ફુલ આપી વેલેન્ટાઈન ડે ની ઉજવણી કરતા હતા. પરંતુ આજના આધુનિક યુગમાં સમયની સાથે બધુ જ બદલાયું છે વેલેન્ટાઈન ડે હવે વધુ આધુનિક બન્યો છે. શહેરના બજારોમાં યુવાધન ગુલાબના ફુલ, ઈયરીંગ્સ, નેકલેસ, વોચ, ટેડીબિયર, શો પીસ તેમજ હાર્ટના આકારની ચીજવસ્તુઓ વિશેષ ખરીદતા નજરે પડ્યા હતા. વેલેન્ટાઈન ડે માં રુ. ૩૦૦ થી લઈને રુ. ૩૦૦૦ સુધીની ગીફટ પોતાના મિત્રો માટે ખરીદે છે. શહેરના બજારોમાં આવેલી ગીફટ આર્ટીકલોની દુકાનોમાં યુવાઓની ભારે ભીડ જોવા મળી હતી.

પૌરાણિક સમયમાં યુરોપમાં વેલેન્ટાઈન નામના સંત થઈ ગયા. જે સમયે રૂઢીચસ્ત વિચારધારા ધરાવતા સમાજમાં પ્રેમીજનોને વારંવાર વિરોધ સહન કરવો પડતો હતો આ સમયે સંત વેલેન્ટાઈન હંમેશા યુવા હૈયાઓના પડખે રહેતા. પ્રેમની અભિવ્યકિત ખાતર તેમણે ૧૪મી ફેબ્રુઆરીએ પોતાની જાતનું બલિદાન સુંધ્ધા આપી દીધુ હતું. ત્યારથી વિશ્વભરમાં પ્રેમી યુગલો આ દિવસને વેલેન્ટાઈન ડે તરીકે ઉજવે છે અને આ દિવસે પોતાના પ્રેમની અભિવ્યકિત કરીને સંત વેલેન્ટાઈનને સ્મરણાંજલિ અર્પે છે. આધુનિક યુગમાં વેલેન્ટાઈન ડે પ્રેમીજનો માટે ખુબ મહત્વનો દિવસ ગણાય છે. આ દિવસની ઉજવણી કરવા માટે નગરના યુવાનો ખરીદીમાં વ્યસ્ત બન્યા છે. શહેરમાં ફુલનો વેપાર કરતા વેપારીઓ પણ વેલેન્ટાઈન ડે ના દિવસે વિવિધ ગુલાબનો સ્ટોક રાખતા હોય છે. સવારથી જ યુવાવર્ગ પોતાના પ્રિયજનને આપવા ફુલની ખરીદી કરતા હોય છે. ત્યારે ગાંધીનગરમાં ફુલ માર્કેટમાં તેજી જોવા મળી છે. આમ દિવસોમાં રુ. ૨૦ ના ભાવે વેચાણ થતુ ગુલાબનું ફુલ વેલેટાઈન ડે હોવાથી રુ.૪૦ થી ૫૦ માં વેચાણ થાય છે. માર્કેટમાં વિવિધ રેડ, યલો, વ્હાઈટ, ઓરેન્જ, પીન્ક, સહિત કલરના ફુલો મળે છે પરંતુ યુવાનો સૌથી વધુ રેડ રોઝની ખરીદી કરે છે. નગરમાં બુકેનું પ્રમાણ નહિવત જોવા મળે છે છતા પણ તેના ભાવમાં પણ ધરખમ વધારો થવા પામ્યો છે. વેલેન્ટાઈન ડે નિમિતે શહેરમાં અંદાજીત રૂ. ૨ લાખથી વધુના ફુલનું વેચાણ થશે. ગાંધીનગર શહેરમાં પણ યુવાનો પરંપરાગત રીતે ફુલ, કાર્ડ, ગીફટ, ચોકલેટ સહિતની ચીજવસ્તુ આપી વેલેન્ટાઈન ડે ની ઉજવણી કરશે. જયારે આજના યુવાનો માટે વેલેન્ટાઈન ડે પણ લગ્નો માટે ખુબ જ લોકપ્રિય તારીખ બની રહી છે. ગાંધીનગરમાં પણ કેટલાક નવયુવાનો વેલેન્ટાઈન ડે ના દિવસે લગ્નના બંધનમાં બંધાશે.





## ખૂણે ખાંચરેથી...

● સચિવાલય સંકુલના ગેટ નં. ૬ અને ૭ ખુલ્લા મુકાયા છે પણ પ્રવેશ નિયંત્રણનો વધુ કડક બનાવાયા.

● વિધાનસભાનું સત્ર આવી રહ્યુ હોવાથી આજે સચિવાલયમાં રજાના દિવસે પણ કેટલાક વિભાગો કામગીરીને લઈ ધમધમતા હતા.

● ઈન્ડિયન મેડીકલ એસો.ની ગાંધીનગર શાખાનો ''જશ્ન એ જલસા''નું આજે આયોજન કરાયું છે.

● ગાંધીનગર નજીક આવેલ કુડાસણ ખાતે આજે પ્રજાપતિ સમાજના સમૂહ લગ્નોત્સવ યોજાયા હતા.

● આજે વેલેન્ટાઈન ડેની ઉજવણી ગાંધીનગર સ્થિત ''એનીટાઈમ મસ્તી'' ગૃપના સભ્યો માટે ક્વોરી રેસ્ટોરન્ટ ખાતે બપોરે ૩ થી ૭ દરમ્યાન યોજાશે.

● ગાંધીનગર શહેરના જાહેર માર્ગો પર હવે પાથરણા બજાર આકર્ષણ જમાવી રહ્યું છે અને દબાણ તંત્ર મૌન છે.

● ગાંધીનગર શહેરમાં એલ.ઈ.ડી. સ્ટ્રીટલાઈટો નાખવાની કામગીરી અંગેના આયોજનને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



ડીયર... આ વેલેન્ટાઈન ડેમાં જ જેટલો કરવો હોય તેટલો પ્રેમ કરી લઈએ... આવતા વેલેન્ટાઈન ડે પહેલા મમ્મી પપ્પા આપણાં લગ્ન કરી જ નાખવા ના છે ...!!

# ગાંધીનગરમાં ખોડીયાર માતાજીના પ્રાગટ્ય દિનની ધામધૂમપૂર્વક ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા. ૧૩ મા ભગવતી આઈશ્રી ખોડીયાર માતાજીનો સોમવારને મહાસુદ આઠમના રોજ પ્રાગટ્ય દિન છે. દુઃખો દૂર કરનારી ખોડલમાના આ પ્રાગટ્યદિનની વિવિધ મંદિરોમાં ઉજવણી થનાર છે. જેમાં ગાંધીનગરના સેક્ટર-પમાં માતાજીના મંદિરે વિવિધ ધાર્મિક પ્રસંગ યોજીને ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવનાર છે. અનેક મહાનુભાવોની ઉપસ્થિતિ અને મોટી સંખ્યામાં ભક્તોનો મહેરામણ દર્શને ઉમટી ધન્ય બનશે. ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીએ પણ સોમવાર રાત્રીએ ચારણીચરજ ડાયરાનું સુંદર આયોજન કરી ભક્તિના ઓજસ પાથરશે.

ગાંધીનગર સેક્ટર-પમાં આવેલ આઈશ્રી ખોડીયાર માતાજી મંદિરે જગતજનની જગદંબાના સ્વરૂપ એવા ખોડીયાર માના પ્રાગટ્યદિનની ભવ્ય ઉજવણી કરવાનું આયોજન કરેલ છે. સોમવાર સવારથી શરૂ થતાં આ પ્રાગટ્ય દિનના પ્રસંગોમાં સવારે ૯.૦૦ વાગ્યાથી નવચંડી યજ્ઞનો શુભારંભ થશે જ્યારે સાંજે ૬ કલાકે મહાઆરતી અને બાદમાં મહાપ્રસાદનું શ્રેષ્ઠ આયોજન કરાયું છે.

મહાસુદ આઠમના પવિત્ર દિવસે પ્રાગટ્ય થયેલા આદ્યશક્તિ ખોડીયારમાના અનેક પરચા વિશ્વ પ્રસિદ્ધ બન્યા છે. ત્યારે માતાજીના પરમ ભક્તોએ માતાજીના આ શુભ અને મંગલ દિવસને ભક્તિ અને શક્તિના સમન્વય થકી ઉજવવાનું નક્કી કરેલ છે. રાજ્યના સંગીત નાટક અકાદમી અને સેક્ટર-પના ખોડીયાર મંદિર દ્વારા સોમવાર રાત્રીએ ચારણીચરજ ડાયરાનું સુંદર આયોજન હાથ ધર્યું છે. જેમાં અદાણીના અધ્યક્ષ યોગેશભાઈ ગઢવી સમારંભના અધ્યક્ષ સ્થાને બિરાજશે જ્યારે અતિથિ વિશેષ તરીકે યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્રભાઈ ત્રિવેદી, માહિતી કમિશ્નર વસંતભાઈ ગઢવી, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્તભાઈ જહા તથા વરાણા ખોડીયાર મંદિરના ટ્રસ્ટી લાભુદાન ગઢવી હાજર રહેશે. આ પ્રસંગે ભારતીય વહીવટી સેવામાં નિમણુંક પામેલા શંકરદાન લાંગા, જગદીશભાઈ ગઢવી, દિલીપભાઈ ગઢવી તથા રાષ્ટ્રપતિ દ્વારા પોલીસ ચંદ્રક એવોર્ડથી સન્માનીત મુકેશદાન ગઢવી સન્માનીત મહાનુભાવો તરીકે ઉપસ્થિત રહેશે. મા ખોડલના નવચંદી યંત્રમાં મુખ્ય યજમાન અને મહાપ્રસાદની સેવામાં ભક્ત પ્રદ્યુમનસિંહજી જાડેજા પેથાપુરવાળા લાભ મેળવશે. જ્યારે ડાયરામાં લોક સાહિત્યના મર્મજ્ઞ મેરાણભાઈ ગઢવી સહિત અનેક કલાકારો ભક્તિરસ પીરસશે. માતાજીનો પ્રાગટ્ય દિન અનેક પ્રસંગો થકી દીપી ઉઠે તેવા પ્રયાસો ભક્તો દ્વારા હાથ ધરાયા છે.



વસંતપંચમી હિન્દુ ધર્મનો શુભ દિવસ. આ દિવસે ઠેર ઠેર શુભપ્રસંગોની ઉજવણી થાય છે. આવો જ એક સુંદર પ્રસંગ શહેરના વખારીયા પરિવારમાં ઉજવાયો છે. તા. ૧૨ ફેબ્રુઆરી વસંત પંચમીએ દાદા ચીનુભાઈ વખારીયાનો ૭૯મો જન્મ દિવસ કેક કાપીને ઉજવણી કરી, સાથે દીકરી રસજ્ઞાબેન અને જમાઈ નીખીલભાઈ પોતાના લગ્નની ૨૧મી વર્ષગાંઠની ઉજવણી કરી. આ બંને શુભ પ્રસંગો યાદગાર બન્યા. ચીનુભાઈના દોહીત્રી ફોરમ વખારીયા અને નિમેષ આ પ્રસંગે જ્યાં સૌ પરિવારજનોએ ખુશીઓ હશી-ખુશી સાથે ઉજવણી કરી. (તસવીર : કશ્યપ નીમાવત)

## ગુજરાત હાઈકોર્ટના નવનિયુક્ત મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે ન્યાયાધીશ આર.એસ. રેડ્ડીની શપથવિધિ

ગુજરાતના રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ ભારતના રાષ્ટ્રકપતિશ્રી દ્વારા નિયુક્ત થયેલ ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે ન્યાયાધીશ શ્રી રામય્યગારિ સુભાષ રેડ્ડીને તેમના હોદ્દાના શપથ આજે રાજભવન ખાતે લેવડાવ્યા હતા. શપથગ્રહણ સમારોહમાં મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ, વિધાનસભાના અધ્યક્ષ શ્રી ગણપતભાઈ વસાવા, રાજ્યમંત્રી પરિષદના સદસ્યો, વડી અદાલતના ન્યાયાધીશશ્રીઓ, મુખ્ય સચિવશ્રી, વરિષ્ઠ ધારાશાસ્ત્રીઓ, વરિષ્ઠ સચિવશ્રીઓ સહિત અન્ય મહાનુભાવો, રાજ્ય સરકારના તથા ગુજરાત વડી અદાલતના ઉચ્ચાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સુઘડ કેનાલમાંથી એક યુવાનનો બિનવારસી મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૧૩ ગાંધીનગર નજીક સુઘડ નર્મદા કેનાલમાં ગઈ સાંજે એક અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ જોતા રાહદારીએ અડાલજ પોલીસને જાણ કરી બોલાવી હતી. અડાલજ પોલીસે ઘટના સ્થળ પર પહોંચી મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી તેની ઓળખ માટે તજવીજ શરૂ કરી છે. આશરે ૨૦ વર્ષીય યુવાનના ખિસ્સામાંથી તેની ઓળખ થઈ શકે તેવા કોઈ આધાર મળી આવ્યા ન હતાં. આસપાસના વિસ્તારોમાંથી ગુમ યુવાનોની યાદી મેળવી ઓળખ માટે પોલીસે દોડધામ શરુ કરી છે.

ભાટ ગામમાં રહેતા મહેશભાઈ ડાહ્યાભાઈ રાવળ ગઈ કાલે સાંજે સવા છ વાગ્યાનાં અરસામાં સુઘડ કેનાલ પાસેથી નીકળ્યા હતા ત્યારે તેમનું ધ્યાન કેનાલના પાણીમાં તરતા એક અજાણ્યા યુવાનના મૃતદેહ પર પડતા ચૌંકી ગયા હતાં. તાત્કાલીક તેમણે અડાલજ પોલીસને જાણ કરતાં અડાલજ પોલીસ મથકના જમાદાર અમરતભાઈ ઘટનાસ્થળે દોડી ગયા હતાં. મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતાં તેની ઓળખ થઈ શકે તેવા કોઈ જ આધાર પુરાવા તેની પાસેથી મળી આવ્યા ન હતાં. મૃતદેહ પી.એમ. કરાવી કોલ્ડરૂમમાં મુકી તેની ઓળખ માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. શરીરે તેણે અડધી બાંયની બ્લ્યુ ટીશર્ટ અને કમરે પુમા કંપનીનો બરમુડો પહેરેલો છે. બ્રાન્ડેડ કપડા પહેરેલ આશરે ૨૦ વર્ષની ઉંમરના શરીરે મધ્યમ બાંધાનો આ યુવાન કોઈ સુખી સંપન્ન પરીવારનો હોવાની શકયતા વ્યકત કરી પોલીસે તે દિશામાં તપાસ આંરભી છે.

## ચૌધરી મહિલા કોલેજ ખાતે રાજય કક્ષાનો પરિસંવાદ યોજાશે

શહેરના સેકટર-૭ ખાતે આવેલ ચૌધરી મહિલા કોલેજ ખાતે તા. ૧૮મીના રોજ 'નરસિંહ મહેતા : અધ્યયન અને આસ્વાદ' શિર્ષક હેઠળ રાજયકક્ષાનો પરિસંવાદ યોજાશે. આ કાર્યક્રમ ત્રણ તબક્કામાં યોજાશે. ગુજરાત સાહિત્ય અકાદમી અને પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજના સંયુકત ઉપક્રમે રાજયકક્ષાના પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું ઉદઘાટન કવિ રાજેન્દ્ર શુકલ દ્વારા કરવામાં આવશે. આ પ્રસંગે મુખ્ય અતિથિ વિશેષ પદે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશભાઈ જહા ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં વિવિધ નિષ્ણાતો દ્વારા નરસિંહ મહેતા આધારિત વકતવ્યો રજૂ કરાશે.



સર્વોદય હાયર એજ્યુકેશન સોસાયટી, કોલેજ કેમ્પસ, માણસા દ્વારા તા. ૭-૨-૨૦૧૬ના રોજ વર્ષ ૨૦૧૫નો ભારતીય સાહિત્યનો ૫૧મો સર્વોચ્ચ જ્ઞાનપીઠ પુરસ્કાર સન્માનિત મુ. શ્રી ડૉ. રઘુવીરભાઈ ડી. ચૌધરીનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના હોદ્દેદારો, સંસ્થા સંચાલિક શેઠ એલ.એચ. સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ, એસ.ડી. આર્ટસ એન્ડ બી.આર. કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ, સંસ્થાના ડાયરેક્ટરશ્રી તથા કારોબારી સભ્યોએ હાજરી આપેલ.

## કોલેજીયન યુવતિઓની સુરક્ષા બાબતે મહિલા કોંગ્રેસનું આવેદનપત્ર

ગાંધીનગર, તા. ૧૩ તાજેતરમાં મહેસાણા ખાતે એક કોલેજમાં વિદ્યાર્થીનીનુ એસિડ છાંટવાથી થયેલ મોતની ઘટનાને ઘેરા પ્રત્યાઘાતો સર્જાયા છે. ગાંધીનગર શહેર જિલ્લા મહિલા કોંગ્રેસ સમિતિ દ્વારા આ ઘટનાનો વિરોધ કરતા તેને સખત શબ્દોમાં વખોડી કાઢી છે. આ પ્રકાશના બનાવો ફરી ના બને તે હેતુથી તેમજ મહિલાઓની સુરક્ષા બાબતે વધુ અસરકારક પગલા હાથ ધરવા ગાંધીનગરના કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

ગાંધીનગર શહેર જિલ્લા મહિલા કોંગ્રેસ સમતિએ આપેલા આવેદનપત્રમાં કોલેજમાં અભ્યાસ કરતી યુવતિઓની સલામતી માટે કોલેજમાં અને બહાર અંડિગો જમાવતા અસામાજિક તત્વો પ્રત્યે ધ્યાન દોર્યું છે. વધુ કોઈ અણબનાવ ના બને તે હેતુથી કોલેજની અંદર અને બહાર સીસીટીવી કેમેરા મુકવાની ફરજમાં બેદરકારી દૂર કરવા તથા રાજ્યમાં યુવતિઓ પોતાનું સ્વરક્ષણ કરી શકે તે માટે તાલીમ વર્ગો ઉભા કરવા સરકારે વ્યવસ્થા ગોઠવવી જોઈએ. તેવી આવેદનપત્રમાં માંગ ઉઠવા પામી છે. આ પ્રસંગે મહિલા કોંગ્રેસ વતી ધારાસભ્ય કામીનીબેન રાઠોડ, શહેર પ્રમુખ ભાનુમતીબેન રોહિત, જિલ્લા પ્રમુખ કિર્તિબેન પટેલ, પ્રદેશ મહામંત્રી પ્રેમબા હાડા તથા અન્ય મહિલા કોંગ્રેસ અગ્રણીઓ સવિતાબા ડાભી, હેમલતાબેન પરમાર, ભાવનાબેન પરમાર, જસીબેન શ્રીમાળી, અનિતાબેન સોલંકી, વિમળાબેન વેગડા, દિનાબેન પરીખ તથા કોલેજની વિદ્યાર્થીનીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

## ખેલમહાકુંભમાં શ્રી બી.જે. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનો ઉત્કૃષ્ઠ દેખાવ

રાજય સરકાર દ્વારા યોજાયેલ ખેલ મહાકુંભ અંતર્ગત વિવિધ રમતોમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

જેમાં ૫૦૦ મીટર, ૧૦૦૦ મીટર સ્કેટીંગ સ્પર્ધા અંડર-૧૬મા જય આચાર્ય એ પ્રથમ ક્રમાંક, અંડર-૧૩માં ઋતુરાજ ચાવડા પ્રથમ ક્રમાંક, આદિત્ય ખાચર દ્વિતીય ક્રમાંક, ટેબલ ટેનિસ સ્પર્ધા અંડર-૧૩માં માહિન ગાંધર્વ પ્રથમ ક્રમાંક, ચેસ સ્પર્ધામાં વ્રજ પટેલ તૃતીય ક્રમાંક, ચક્ર ફેંક સ્પર્ધામાં દેવમ પટેલ પ્રથમ ક્રમાંક અને ટેકવોન્ડો સ્પર્ધામાં ધ્રુવ પ્રજાપતિ પ્રથમ ક્રમાંક મેળવી વિજેતા બન્યા હતા. વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ઠ દેખાવ કરી શાળાનું ગૌરવ વધાર્યુ હતું. તેમજ જય આચાર્ય, ઋતુરાજ ચાવડા, ધ્રુવ પ્રજાપતિ અને દેવમ પટેલ રાજય કક્ષાની રમતો માટે પસંદગી પામેલ છે. શાળાના તમામ ખેલાડીઓને શાળાના આચાર્યા નીવાબેન પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧

